અંદાજપત્ર

ભારતમાં બંધારણમાં કેટલા સ્તરની સરકારનો ઉલ્લેખ છે ?

A. એક-સ્તરીય

B. દ્વિ-સ્તરીય

C. ત્રિસ્તરીય

D. શૂન્ય સ્તરીય

- C.ત્રિસ્તરીય

પંચાયત એટલે શું ?

A. **પાંચ વ્યક્તિની સભા**

B. **પચાસ વ્યક્તિની સભા**

C. **પાંચસો વ્યક્તિની સભા**

D. **પાંચ ગામની સભા**

- A.**પાંચ વ્યક્તિની સભા**

સમતોલ અંદાજપત્રેની તરફેણ કોણે કરી હતી ?

A. એડમ સ્મિથ

B. માર્શલ

C. કેઈન્સ

D. સ્મિથ

- A.એડમ સ્મિથ

શિક્ષણ એ કોની જવાબદારી છે ?

A. **કેન્દ્ર સરકારની**

B. **રાજ્ય સરકારની**

C. **સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની**

D. **સંયુક્ત જવાબદારી**

- B.**રાજ્ય સરકારની**

ફુગાવા સમયે સરકાર પોતાનો ખર્ચ કેવો રાખે છે ?

A. સ્થિર રાખે છે.

B. ઘટાડે છે.

C. વધારે છે.

D. શૂન્ય કરી નાખે છે.

- B.ઘટાડે છે.

કોની ભલામણ મુજબ રાજ્યોને કેન્દ્રની કર-આવકનો હિસ્સો મળે છે.

A. આયોજનપંચ

B. નાણાપંચ

C. નીતિ આયોગ

D. કેન્દ્ર સરકાર

- B.નાણાપંચ

ભારતમાં કયા પ્રકારની ખાદ્યનું નીતિવિષયક મહત્વ ગણાતું નથી ?

A. મહેસૂલી ખાદ્ય

B. અંદાજીયપત્રીય ખાદ્ય

C. રાજકોષીય ખાદ્ય

D. પ્રાથમિક ખાદ્ય

- D.પ્રાથમિક ખાદ્ય

અંદાજ પત્ર એટલે શું ?

- સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે ખર્ચ અને આવકના જે અંદાજો રજૂ કરવામાં આવે છે, તેને અંદાજપત્ર કહેવામાં આવે છે.

અંદાજ પત્રને કેટલી બાજુઓ હોય છે ? કઈ કઈ ?

- અંદાજપત્રને બે બાજુઓ હોય છે : (1) આવકના અંદાજો અને (2) ખર્ચના અંદાજો.

કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત જવાબદારી હેઠળનાં કાર્યોની યાદી આપો.

- કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત જવાબદારી હેઠળનાં કાર્યો આ મુજબ છે : શિક્ષણ, આરોગ્ય, ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરે.

સામાન્ય રીતે સાંસદમાં અંદાજપત્ર કોણ રજુ કરે છે ?

- સામાન્ય રીતે સંસદમાં દેશના નાણામંત્રી અંદાજપત્ર રજુ કરે છે.

ખાદ્યવાળું અંદાજપત્ર કોને કહેવાય ?

- જે અંદાજપત્રમાં સરકારનું અંદાજિત ખર્ચ સરકારની અંદાજિત આવકથી વધુ હોય તેને ખાદ્યવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે.

સામાન્ય રીતે અંદાજપત્રના અમલનો સમયગાળો કયો હોય છે ?

- સામાન્ય રીતે અંદાજપત્રનો સમયગાળો આવનાર નાણાકીય વર્ષ પૂરતો હોય છે.

મહેસૂલી આવક કોને કહેવાય ?

- સરકારને આવકવેરો, મિલ્કતવેરો, બક્ષિસવેરો, આબકારી જકાત વગેરેમાંથી થતી આવક મહેસુલી આવક છે.

વિકાસલક્ષી ખર્ચાઓ કોને કહેવાય ?

- સામાજિક સેવાઓ અને આર્થિક સેવાઓ પાછળ થતા ખર્ચા વિકાસલક્ષી ખર્ચાઓ કહેવાય છે.

બિનવિકાસલક્ષી ખર્ચાઓમાં કયા ખર્ચાઓનો સમાવેશ થાય છે ?

- બિનવિકાસલક્ષી ખર્ચાઓમાં વહીવટી સેવાઓ, પેન્શન અને નિવૃત્તિના લાભો, જાહેર દેવાની ચુકવણીઓ વગેરે પાછળ થતા ખર્ચાઓનો સમાવેશ થાય છે

પંચાયતની આવકનાં સાધનો જણાવો.

- પંચાયતની આવકનાં સાધનો છે : (1) બંધારણમાન્ય અને રાજ્ય સરકારે મંજૂરી આપી હોય તેવા સ્થાનિક વેરા અને દંડની રકમ, (2) કેન્દ્ર સરકાર દ્વારા મળતાં સીધાં અનુદાન અને (3) રાજ્યની વિવિધ યોજનાઓના અમલ માટે પંચાયતને ફાળવેલા નાણાં.

અંદાજપત્ર દ્વારા સંપત્તિની પુનઃવહેંચણી કઈ રીતે થઈ શકે છે તે સમજાવો.

- સરકારના અંદાજપત્રમાં સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, પાયાની સુવિધાઓ પાછળ કરવામાં આવતા મહેસુલી ખર્ચને કારણે સમાજનું જીવનધોરણ ઊંચું આવે છે અર્થાત તેમની આવકમાં વધારો થતાં સંપત્તિનું સર્જન થાય છે.
- સરકારના અંદાજપત્રમાં આર્થિક સેવાઓ જેવી કે ખીતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર, ટેકનોલૉજી વગેરે પાછળ કરવામાં આવતા મહેસુલી ખર્ચને કારણે દેશમાં ખેતી-ઉદ્યોગક્ષેત્રે વિકાસ થતાં રોજગારીનું સર્જન થાય છે. લોકોની આવકમાં વધારો થાય છે અને તેઓ જરૂરી સંપત્તિ વસાવી શકે છે.
- અંદાજપત્રમાં કરવામાં આવતા મૂડી-ખર્ચાઓને લીધે ગરીબોને નાણાકીય સહાય મળી રહે છે. તેથી તેઓ માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરી શકે છે.

અંદાજપત્રના પ્રકારો સમજાવો.

- અંદાજપત્રનાં મુખ્યત્વે બે પ્રકાર છે : 1. સમતોલ અંદાજપત્ર અને 2. અસમતોલ અંદાજ પત્ર.
- 1.સમતોલ અંદાજપત્ર : સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર કે જ્યાં સરકારનો અંદાજિત ખર્ચ તેની અંદાજિત આવક જેટલો હોય.
- સમતોલ અંદાજપત્ર આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે અને પ્રજા પર બોજ વધતો નથી.

- સમતોલ અંદાજપત્ર ટકાવવા જરૂરી ખર્ચ ઘટાડવામાં આવે તો આર્થિક કલ્યાણ જોખમાય છે. જો તેમ ન કરવામાં આવે, તો વેરા વધારી સમતોલ કરતાં આર્થિક વિકાસ અવરોધાય છે.
- 2.અસમતોલ અંદાજપત્ર : જો અંદાજપત્રમાં અંદાજિત આવક અને ખર્ચ સરખા હોય, તો તે અસમતોલ અંદાજપત્ર કહેવામાં આવે છે. આવી અસમતુલા બે રીતે હોય છે : (1) ખાદ્યવાળું અંદાજપત્ર અને (2) પુરાંતવાળું અંદાજ પત્ર.
    - ખાદ્યવાળું અંદાજપત્ર : જ્યારે સરકારનું અંદાજિત ખર્ચ સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય ત્યારે તેનું અંદાજપત્ર ખાદ્યવાળું અંદાજપત્ર કહેવાય છે.
- વિકસતા દેશોમાં ખાદ્યવાળું અંદાજપત્ર બને છે.
- ખાદ્યવાળું અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.
- ખાદ્યવાળા અંદાજપત્રમાં કરવેરા ઓછા હોય છે અને રોજગારી વધારી શકાય છે.
- ખાદ્યવાળા અંદાજપત્રમાં સરકારી દેવું વધે છે અને નાણાં બિનકાર્યક્ષમ રીતે ખર્ચાય છે.
- (2)પુરાંતવાળું અંદાજપત્ર : જ્યારે સરકારનું અંદાજિત ખર્ચ સરકારની અંદાજિત આવક કરતાં ઓછું હોય ત્યારે તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે.
- પુરાંતવાળું અંદાજપત્ર ફુગાવાને કાબૂમાં લેવા માટે ઉપયોગી છે.
- આ અંદાજપત્રમાં સરકારને દેવું કરવું પડતું નથી અને પ્રજા પર ભવિષ્યમાં કરબોજ પડતો નથી.
- પુરાંતવાળા અંદાજપત્રમાં સરકાર જરૂરી ખર્ચ ટાળે તો સામાજિક કલ્યાણ અને વિકાસ રૂંધાય છે.
- મંદીના સમયમાં નાણાનાં અભાવે મૂડીરોકાણ અને રોજગારી પર અસર થાય છે.

પુરાંતવાળા અંદાજપત્રના ફાયદાઓ જણાવો.

- પુરાંતવાળું અંદાજપત્ર ફુગાવાને કાબૂમાં લેવામાં મદદરૂપ થાય છે.
  પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી વળવા દેવું કરવું પડતું નથી.
  પુરાંતવાળા અંદાજપત્રમાં પ્રજા પર ભવિસયમાં બોજો પડતો નથી.

અર્થ આપો :

1.મહેસૂલી ખાદ્ય

2.અંદાજપત્રીય ખાદ્ય

3.રાજકોષીય ખાદ્ય

4.પ્રાથમિક ખાદ્ય

- અર્થ આપો :

  1.મહેસૂલી ખાદ્ય

  અંદાજપત્રમાં મહેસુલી આવક કરતાં મહેસુલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાદ્ય ઉદ્દભવે છે.

  2.અંદાજપત્રીય ખાદ્ય

  જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની આવક કરતાં મહેસૂલી અને મૂડી-ખર્ચ વધારે હોય ત્યારે અંદાજપત્રીય ખાદ્ય ઉદ્ભવે છે.

  3.રાજકોષીય ખાદ્ય

  મૂડી ખાતાની આવકમાંથી સરકારનું દેવું બાદ કરતાં મળતી ખાદ્ય રાજકોષીય ખાદ્ય છે.

  4.પ્રાથમિક ખાદ્ય

  રાજકોષીય ખાદ્યમાંથી વ્યાજની ચુકવણી બાદ કરતાં મળતી ખાદ્ય પ્રાથમિક ખાદ્ય છે.

અંદાજપત્રની અસરો જણાવો.

- અંદાજપત્ર દેશના અર્થતંત્ર અને દેશની પ્રજાને સામાન્ય રીતે નીચે મૂજબની અસરો પહોંચાડે છે : આવકને ધ્યાનમાં રાખી ખર્ચ કરવાની સરકારને ફરજ પડે છે. તેથી સરકારમાં રાજકોષીય શિસ્ત

આવે છે.

આર્થિક અને સામાજિક મહત્વને ધ્યાનમાં લઈ વિવિધ ક્ષેત્રો વચ્ચે નાણાની ફાળવણી થાય છે.

વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટેનું માર્ગદર્શન મળી રહે છે.

કરવેરા અને ખર્ચનું સંતુલન કરી, અર્થતંત્રમાં મંદી અને ફુગાવાનું નિયંત્રણ થતાં આર્થિક સ્થિરતા જળવાય છે.

રાજ્યની યોજનાઓના હેતુને ધ્યાનમાં લઈ આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે અંદાજપત્ર માર્ગદર્શક બને છે.

વિવિધ ક્ષેત્રોમાં નાણાકીય ફાળવણી દ્વારા જુદાં જુદાં ક્ષેત્રોને મૂડીરોકાણ અંગેની દિશા મળી રહે છે.

અંદાજપત્રની અસરો જણાવો.

- અંદાજપત્ર દેશના અર્થતંત્ર અને દેશની પ્રજાને સામાન્ય રીતે નીચે મૂજબની અસરો પહોંચાડે છે :
- આવકને ધ્યાનમાં રાખી ખર્ચ કરવાની સરકારને ફરજ પડે છે. તેથી સરકારમાં રાજકોષીય શિસ્ત આવે છે.
- આર્થિક અને સામાજિક મહત્વને ધ્યાનમાં લઈ વિવિધ ક્ષેત્રો વચ્ચે નાણાની ફાળવણી થાય છે. વિવિધ ક્ષેત્રોમાં મૂડીરોકાણ માટેનું માર્ગદર્શન મળી રહે છે.
- કરવેરા અને ખર્ચનું સંતુલન કરી, અર્થતંત્રમાં મંદી અને ફુગાવાનું નિયંત્રણ થતાં આર્થિક સ્થિરતા જળવાય છે.
- રાજ્યની યોજનાઓના હેતુને ધ્યાનમાં લઈ આર્થિક વૃદ્ધિ અને વિકાસ માટે અંદાજપત્ર માર્ગદર્શક બને છે.
- વિવિધ ક્ષેત્રોમાં નાણાકીય ફાળવણી દ્વારા જુદાં જુદાં ક્ષેત્રોને મૂડીરોકાણ અંગેની દિશા મળી રહે છે.

ખ્યાલો સમજાવો.

(1) મૂડી - આવક

(2) મૂડી-ખર્ચ

(3) મહેસુલી ખર્ચ

- ખ્યાલો સમજાવો.

  (1) મૂડી - આવક

  મૂડી – આવકોમાં બજારમાંથી મેળવેલી લોનો, મધ્યસ્થ બૅન્કમાંથી મેળવેલાં કરજો. ટ્રેઝરી બિલોના વેચાણની આવકો, વિદેશી સરકારો પાસેથી મેળવેલી લોનો વગેરેનો સમાવેશ થાય છે.

  (2) મૂડી-ખર્ચ

  મૂડી-ખર્ચમાં જમીન, મકાન, યંત્રો અને યંત્રસામગ્રી, જાહેર સાહસોના શૅર અને ડિબેન્ચરોમાં રોકાણો. રાજ્ય અને અન્ય સંસ્થાઓને આપેલી લોનો જેવી ભૌતિક તેમજ નાણાકીય અસ્ક્યામતો મેળવવા માટેના ખર્ચ.

  શસ્ત્ર સરંજામનાં કારખાનાં સ્થાપવા માટે કરતાં રોકાણો વગેરે.

  (3) મહેસુલી ખર્ચ

  વપરાશી ખર્ચા : પગાર-ચુકવણી, વસ્તુઓ અને સેવાઓ માટે કરાતાં ખર્ચ.

  બદલા-ચુકવણીઓ : વ્યાજ, પેન્શન, સૈનિકોનાં વેતન, કેન્દ્રશાસિત પ્રદેશો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને અપાતાં અનુદાન, નાણાકીય સહાય વગેરે.

રાજ્ય સરકારનાં મૂડી ખાતાની આવક અને ખર્ચ બાજુની વિગતો જણાવો.

- રાજ્ય સરકારના મૂડી ખાતાની આવક અને ખર્ચ બાજુની વિગતો નીચે મુજબ છે.



પંચાયતના કાર્યો અને આવકના સ્ત્રોતો જણાવો.

- પંચાયત એટલે 'પાંચ વ્યક્તિની સભા'.

  ભારતના બંધારણ મુજબ પંચાયત પોતાના ગામના વિકાસ માટે સામાજિક ન્યાયની યોજના બનાવી શકે છે.

  મૂળભૂત રીતે પંચાયતનાં કાર્યો જાહેર સફાઈ, જાહેર આરોગ્ય, પ્રાથમિક શિક્ષણ, પાણીની સુવિધા, રસ્તાની સુવિધા જાળવવાનો છે.

  પંચાયતના આવકના સ્ત્રોત : બંધારણમાન્ય અને રાજ્ય સરકારે મંજૂરી આપી હોય તેવા સ્થાનિક વેરા અને દંડની રકમ.

  કેન્દ્ર દ્વારા મળતાં સીધાં અનુદાન.

  રાજ્યની વિવિધ યોજનાઓ માટે પંચાયતને ફાળવવામાં આવતાં નાણાં.